# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા "કિચન ગાર્ડન" વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ તથા લાયન્સ ક્લબ, આણંદ ના સંયુક્ત ઉપક્રમે તારીખ ૦૩/૦૮/૨૦૨૧, મંગળવારના રોજ "કિચન ગાર્ડન" વિષય પર જાગૃતિ કાર્યક્રમ લાયન્સ ક્લબ હોલ, આણંદ ખાતે યોજાયો હતો જેમાં આણંદ જિલ્લાના ૬૦ ભાઈઓ - બહેનો એ ભાગ લીધો હતો. સદર કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર આ.કૃ.યુ., આણંદ, લાયન્સ ક્લબ, આણંદ ના પ્રમુખ શ્રી દિપકભાઈ શાહ તેમજ શ્રીમતિ રેખાબેન, સેક્રેટરી તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. એ. સી. વૈદ્ય હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં લાયન્સ ક્લબ, આણંદ ના પ્રમુખ શ્રી દિપકભાઈ શાહ દ્વારા લાયન્સ ક્લબની કામગીરી વિષે વિસ્તૃત ચર્ચા કરી હતી તેમજ આણંદ કૃષિ યુનિવર્સીટી ના વૈજ્ઞાનિકોનું સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ ડૉ. આર. આર. આચાર્ય દ્વારા કિચન ગાર્ડન વિશે માહિતી આપવામાં આવી હતી જેમાં શાકભાજી પાકોની ખેતી પધ્ધતિ, કિચન ગાર્ડન માટે જગ્યાની પસંદગી, બીયારણની પસંદગી તેમજ ઋતુ પ્રમાણે શાકભાજીની પસંદગી શાકભાજી પાકોની વિવિધ જાતો વિશે તેમજ કિચન ગાર્ડનમાં કરી શકાય તેવા ફળ પાકો વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી હતીતેમજ સ્વાસ્થ્ય માટે શાકભાજીનું મહત્વ તથા કિચન ગાર્ડનના ફાયદાઓ વિશે માહિતી આપી હતી.

કાર્યક્રમના અંતે કેવિકે દેવાતાજ દ્વારા સર્વેને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારાપ્રકાશિત "કિચન ગાર્ડન" નું પુસ્તકનું વિતરણ કરવામાં આવ્યું. સદર કાર્યક્રમનુ સફળ આયોજન ડૉ. શ્રીકાંત બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ કોવિડ-૧૯ ની ગાઇડલાઇન મુજબ યોજવામાં આવ્યો હતો.

## કાર્યક્રમની ઝાંખીયો









